**Guardian, 13-4-2014**

મલમાં મુકાયો હોવાથી જે તે સમયે પત્ની રેખા પટેલ ઝડપાઇ હતા.

# બારડોલી માલીબા એન્જિ. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા હવાથી ચાલતી ન્યૂમેટિક બાઈકનું નિદર્શન

સુરત, તા. ૧૨

બારડોલી માલીબા એન્જિ. કોલેજમાં અભ્યાસ કરતો અને માંડવીના રહીશ ભારદ્વાજસિંહ મહિડા તથા એમની ટીમ સાવજ ભાવેશ, માલી રાકેશ અને કોટડિયા અંકિત દ્વારા હાલમાં જ હવાથી ચાલતી બાઈક તૈયાર કરી ઓટો જગતમાં બળતણ અને પ્રદૂષણ અંગેની જાગૃતિનો નવો રાહ ચીંધ્યો હતો.

ન્યૂમેટીક બાઈક તરીકે આકાર પામેલ અને પ્રાયોગિક ધોરણે તૈયાર થયેલી બાઈક કોમ્પ્રેસ્ડ એરથી ચાલશે. જેમાં કોઈ પણ જાતનું ઈંધણ જેમ કે, પેટ્રોલ, ડીઝલ કે ગેસનો ઉપયોગ થતો નથી. માત્ર હવાથી બાઈક ગતિ કરે છે, જેમાં એરગન ચેઈન ડ્રાઈવની મદદથી વ્હીલને ડ્રાઈવ આપવામાં આવે છે. એરગન કોમ્પ્રેસ્ડ એરની મદદથી ઓપરેટ થાય છે. પ્રાયોગિક ધોરણે તૈયાર થયેલ ન્યૂમેટિક બાઈકમાં બે ટેન્ક રાખવામાં આવી છે. કોમ્પ્રેસ્ડ બાઈકમાં બે ટેન્ક રાખવામાં આવી છે. જેમાં કોમ્પ્રેસ્ડ એર ભરવામાં આવશે અને આ કોમ્પ્રેસ્ડ એરથી જ આ બાઈક



ગતિ કરે છે. મોડલરૂપે તૈયાર કરેલ બાઈક પ્રતિ કલાક પંદર કિમી જેટલી ગણવામાં આવે છે. રીસર્ચ વર્કમાં રહેલ ન્યૂમેટિક બાઈક વધુ અંતર કાપવાની ક્ષમતા સાથે વધુ ગતિની ક્ષમતા પણ મેળવી શકે છે.

આધુનિક યુગમાં માનવજગત માટે આવશ્યક બની ગયેલ વાહનોની માંગ દિનપ્રતિદિન વધી રહી છે. જેના કારણે પ્રદૂષણ અને બળતણનો પ્રશ્નો પણ જાણે વધી ગયા છે. આવા સંજોગોમાં માલીબા એન્જિ. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ ન્યુમેટિક બાઈક (હવાથી ચાલતું બાઈક) આશીર્વાદરૂપ બની શકે છે. જેનાથી કોઈ પણ જાતનું પ્રદૂષણ થતું નથી. બળતણમાં પણ માત્ર હવાનો ઉપયોગ થતો હોય ત્યારે બળતણ તરીકે વપરાતી અન્ય ખનીજ સંપત્તિનો પ્રશ્ન પણ કંઈક અંશે દૂર થવાની આશા આ બાઈક દ્વારા દેખાઈ રહી છે. યુવાનોની કૌશલ્ય વૈશ્વિક પ્રશ્નના નિરાકરણ માટેના પ્રયત્નોને સૌએ બિરદાવી અભિનંદન આપ્યા હતા.